# મેથીની ખેતી

મેથી મસાલા, ઘાસચારા અથવા લીલી ભાજીના પાક તરીકે વાપરવામાં આવે છે. મેથીના બીજ અથાણા અને કઢીની બનાવટમાં વપરાય છે. દાણામાં 'ટ્રીગોનેલિયન' આલ્કલોઈડ અને ડાયોસ્જેનીન રહેલો હોઈ તેનો ઉપયોગ દવાઓની બનાવટમાં થાય છે.

**જમીન અને આબોહવા :**

સેન્દ્રિય તત્વોથી ભરપૂર, સારી નિતારશકિત ધરાવતી ગોરાડુથી મધ્યમકાળી જમીન મેથીના પાકને ખૂબ અનુકૂળ છે. મેથીના પાકને ઠંડુ, સુકું હવામાના વધારે માફક આવે છે.

**જમીનની તૈયારી :**

જમીનમાં હળની ઉંડી ખેડ કરી બે વાર કરબની ખેડ કરી જમીન પોચી અને ભરભરી બનાવવી. ત્યારબાદ સમાર મારી જમીન સમતલ કરવી. જમીનના ઢોળાવ અને પિયત પધ્ધતિ ધ્યાનમાં રાખી કયારા બનાવવા.

**સુધારેલી જાત :**

ખેડૂતોને વાવેતર માટે ગુજરાત મેથી–૧ અને ગુજરાત મેથી–ર નામની સુધારેલી જાતોની વાવણી માટે ભલામણ કરવામાં આવે છે. જેની ખાસિયતો નીચે પ્રમાણે છે.

| ક્રમ | ખાસિયત | ગુજરાત મેથી–૧ | ગુજરાત મેથી–ર |
|---|---|---|---|
| ૧ | છોડની ઉંચાઈ (સે.મી.) | ૬૫–૭૦ | ૬૫.૯ |
| ર | છોડને જુદા પાડતા બાહય લક્ષણો | ભરાવદાર દાણા, લાંબી શીંગો, વધારે ડાળીઓ | પાનની કિનારી કાકરવાળી, લાંબી શીંગો, વધારે ડાળીઓ |
| ૩ | છોડદીઠ ડાળીઓની સંખ્યા | ૫.૩ | ૫.૫ |
| ૪ | શીંગની લંબાઈ (સે.મી.) | ૯–૧૦ | ૧૧.૩ |
| ૫ | પરિપકવતાના દિવસો | ૧૧૨–૧૧૫ | ૧૧૬ |
| ૬ | ૧૦૦૦ દાણાનું વજન (ગ્રામ) | ૧૪.૩ | ૧૬.૫ |
| ૭ | સરેરાશ ઉત્પાદન (કિગ્રા/હે.) | ૧૮૬૪ | ૧૯ર૦ |

**વાવણીનો સમય :**

મેથીની વાવણી દિવસનું તાપમાન ૩૦$^{o}$ સેન્ટીગ્રેડથી ઓછું થાય ત્યારે નવેમ્બરના પ્રથમ પખવાડીયામાં કરવી.

**બિયારણનો દર :**

એક હેકટરના વાવેતર માટે જમીન અને પાણીની ગુણવતા મુજબ ૧૫ થી ર૦ કિ.ગ્રા. બીજની જરૂરીયાત રહે છે.

**બીજ માવજત :**

વાવણી પહેલા મેથીને ૩ થી ૪ કલાક કલાક પાણીમાં પલાળવાથી ઉગાવો ઝડપી અને સારો થાય છે. બીજને પારાયુકત દવા જેવી કે સેરાસન કે થાયરમનો ર ગ્રામ દવા પ્રતિ કિ.ગ્રા. બીજદીઠ પટ આપવો.

એઝેટોબેકટર કે રાઈઝોબીયમનું ૧ કિ.ગ્રા. બીજ દીઠ ૧૫ થી ૨૦ ગ્રામ કલ્ચરનું પ્રમાણ રાખી બીજને પટ આપવાથી નાઈટ્રોજન ખાતરની જરૂરિયાત ઘટાડી શકાય છે અને પાકની વૃધ્ધિ સારી થાય છે. બીજને જો પારાયુકત દવાનો પટ આપવાનો હોય તો કલ્ચરનું પ્રમાણ બમણું રાખી બીજને પટ આપ્યા બાદ તુરત જ વાવણી કરવી.

**વાવણી અંતર :**

૩૦ સે.મી.ના અંતરે હારમાં વાવણી કરવામાં આવે તો નિંદામણ અને આંતરખેડ કરવામાં વધુ અનુકૂળતા રહે છે. સારા ઉગાવા માટે વાવણીની ઉંડાઈ ૨ થી ૩ સે.મી. જેટલી રાખવી.

**ખાતર :**

જમીન તૈયાર કરતી વખતે હેકટરે ૧૦ થી ૧૫ ટન સારૂ કોહવાયેલુ છાણીયું ખાતર જમીનમાં ભેળવવું. એક હેકટરના પાક માટે ૨૦ કિ.ગ્રા. નાઈટ્રોજન + ૪૦ કિ.ગ્રા. ફોસ્ફરસ અને ૨૫ કિ.ગ્રા. ગંધક વાવણી અગાઉ ચાસમાં બીજથી નીચે એક જ હપ્તે આપવું.

**પિયત :**

સામાન્ય રીતે આ પાકના સારા ઉત્પાદન માટે જમીનની પ્રત અને ઢોળાવને અનુરૂપ ૫ થી ૭ પિયતની જરૂર રહે છે. પ્રથમ પિયત વાવણી વખતે, બાકીના પિયત જરૂર મુજબ ૧૫ થી ૨૦ દિવસના અંતરે આપવા.

**નિંદામણ :**

પાકની શરૂઆતની અવસ્થાએ બે થી ત્રણ આંતરખેડ કરવી. જેથી જમીનમાં હવાની અવર જવર સારી રીતે થઈ શકે અને પાકનો વિકાસ સારો થાય. આ ઉપરાંત જરૂરિયાત મુજબ બે થી ત્રણ વખત હાથથી નિંદામણ કરી પાકને નિંદામણમુકત રાખવો.

**પાક સંરક્ષણ :**

મેથીના પાકમાં ભુકીછારો રોગ અને મોલોમશી, તડતડીયા અને થ્રીપ્સ જેવી ચુસિયા પ્રકારની જીવાતોનો ઉપદ્રવ જોવા મળે છે. આ રોગ અને જીવાતને સમયસર ઓળખી યોગ્ય પાક સંરક્ષણના પગલા લેવા.

**કાપણી :**

મેથીનો પાક ૧૧૦ થી ૧૨૦ દિવસે પરિપકવ થઈ જાય છે. છોડના પાંદડા અને શીંગો પીળા રંગની થાય અને પાંદડા ખરવાની શરૂઆત થાય ત્યારે પાકની કાપણી કરવી. કાપણી સવારના સમયે કરવી જેથી શીંગો ફાટી જતી અટકાવી શકાય. છોડ કઠણ તથા સ્વચ્છ ખળામાં લાવી તડકામાં બરાબર સુકવી, થ્રેસરની મદદથી દાણા છુટા પાડવા તથા ઉપણીને સાફ કરવા.

**ઉત્પાદન :**

૧૮૦૦ થી ૨૦૦૦ કિલોગ્રામ/હેકટર ઉત્પાદન મળે છે.

====xxx====